# ચ-માર્ગ પર બાઈક ડીવાઈડર પર ચઢી જતાં ચાર ઘાયલ

## દંપતિ બે સંતાનોને લઈને અમદાવાદ તરફ જઈ રહ્યુ હતું : સદ્‌ભાગ્યે કોઈ જાનહાનિ નહી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના ચ-માર્ગ પરથી બાઈક લઈને એક પરિવાર



અમદાવાદ તરફ જઈ રહ્યુ હતુ. તે દરમ્યાન ચ-૩ થી ચ-૨ વચ્ચે અચાનક બાઈક ડીવાઈડર પર ચઢી જતાં બે બાળકો તથા દંપતિ ચારેયને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ચારેયને તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જો કે સદ્‌નસીબે કોઈને ગંભીર ઈજાઓ થવા પામી ન હતી.

ગાંધીનગરનું એક પરિવાર પતિ-પત્નિ અને તેમના બે સંતાનો એક જ બાઈક સ્પ્લેન્ડર પર શહેરના ચ-માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ચ-૩ થી ચ-૨ જવાના રસ્તે અકસ્માત સર્જાયો હતો. બાઈક એકાએક ડીવાઈડર પર ચઢી જતા બાઈક પર સવાર ચારેય ઘવાયા હતા. જો કે સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી ન હતી. બાઈક ચાલક પિતાને અન્ય કરતા વધુ ઈજાઓ થઈ હતી. ચારેયને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ લઈ જવાયા હતા. બાઈકના હુક પર લટકાવેલી થેલી ટાયરમાં ભરાઈ જતા અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે.





સફાઈ અભિયાન ઝુંબેશ સર્વત્ર આવકાર મોટા અધિકારીથી લઈ શાળાના બાળકો નગરને સ્વચ્છ બનાવવાનાં પ્રયાસ શરૂ કર્યા છે. આ શુભ ભાવના સદાય રહે તેવી શુભેચ્છાઓ. (તસવીર : કશ્યપ નીમાવત)



# વાવોલની શાલીન-૪માં આરતી સુશોભન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલ ખાતે આવેલ શાલીન-૪ એપાર્ટમેન્ટમાં આજે નવરાત્રીના સાતમા નોરતે આરતી સુશોભન સ્પર્ધા અને વેશભૂષાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આરતી સુશોભન સ્પર્ધામાં સોસાયટીની મહિલાઓએ અને વેશભૂષામાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શાલીન-૪ એપાર્ટમેન્ટમાં પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ નવરાત્રી નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આરતી સુશોભન સ્પર્ધામાં મહિલાઓએ એક કરતા એક ચઢિયાતી સુંદર અને આકર્ષક આરતીની થાળીઓ સજાવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે સ્વાતિ દુબે, દ્વિતિય સ્થાને વંદના સોની અને તૃતીયક્રમે હેમાંગી જોશી વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધામાં સંજયભાઈ થોરાત, ડૉ. વર્ષા પારેખ અને ડૉ. પૂર્ણિમા ત્રિવદીએ નિર્ણાયક તરીકેની સવાઓ આપી હતી. આયોજકોએ વિજેતાઓ સહિત તમામ સ્પર્ધકોને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા.

# અષ્ટ સિદ્ધિઓ પ્રદાન કરવાવાળી સિદ્ધિદાત્રીના નવમા અને અંતિમ સ્વરૂપનું આજે પૂજન

## ભક્તિ અને શક્તિના અખુટ ભંડાર ભરેલી પવિત્ર નવરાત્રી પર્વનું આજે રંગચંગે સમાપન

ગાંધીનગર, તા. ૨

આદ્યશક્તિના અપાર પરચા અને તેમની શક્તિના અનેક ધાર્મિક પ્રસંગોનો અનુભવ ભક્તોએ કર્યો છે જેથી નવરાત્રીમાં જગદંબાની વિશેષ પૂજન અર્ચનનું મહત્વ છે. ગરૂવારના રોજ માતાજીના મંત્રોચ્ચાર સાથે હોમ-હવન યોજાયા હતા. જ્યારે નવરાત્રીના અંતિમ દિવસે માતાજીના નવમા સ્વરૂપ 'સિદ્ધીદાત્રી'નું પૂજન આજે કરવામાં આવશે. રાજ્યભરમાં નવરાત્રીના પર્વને શ્રદ્ધાળુઓએ પુરી શ્રદ્ધા સાથે તન-મન અને ધનથી ભાવપૂર્વક ઉજવ્યું છે અને તેનું સમાપન આજે રંગેચંગે સમાપન કરવામાં આવશે તેમજ મા દુર્ગાને ઉમળકાભેર ભાવવિભોર બની વિદાય કરાશે.



ભક્તિ અને શક્તિના અખુટ ભંડારોથી ભરચક પવિત્ર પર્વ નવરાત્રી તેના અંતિમ દિવસે આવી પહોંચી છે. નવરાત્રીના અંતિમ દિવસે મા જગદંબાના નવમા સ્વરૂપ 'સિદ્ધિદાત્રી'નું આજે પૂજન કરવામાં આવશે. આ અંતિમ સ્વરૂપને નવદુર્ગાઓમાં સૌથી શ્રેષ્ઠ અને મોક્ષપ્રદાન કરવાવાળી દેવી તરીકે પૂજાય છે. મા ના આ સ્વરૂપની પૂજા દેવ, યક્ષ પ્રદાન કરવાવાળી દેવી તરીકે પૂજાય છે. મા ના આ સ્વરૂપની પૂજા દેવ, યક્ષ, કિન્નર, દાનવ-ઋષિમુની, સાધક અને સંસારી નવરાત્રીના નવમા દિવસે કરે છે. મા ના આ સ્વરૂપની પૂજા અર્ચનાથી ભક્તોને યશ, બળ અને ધનની પ્રાપ્તી થાય છે.

મા સિદ્ધિદાત્રીને સાચા હૃદયથી અને મનથી આરાધના કરવાવાળા ભક્તોને અષ્ઠસિદ્ધિઓ પ્રદાન કરે છે. માર્કેન્ડય પૂરાણ અનુસાર અહિમા, મહિમા, ગરિમા, લઘિયા, પ્રાપ્તિ, પ્રકામ્ય, ઈશિત્વ અને વશિત્વ આ આઠ સિદ્ધિઓ છે. દેવી પૂરાણ અનુસાર ભગવાન શિવે પણ મા સિદ્ધિદાત્રીની કૃપાથી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી અને મા ની અનુકમ્પાથી જ ભગવાન શિવનું અડધુ શરીર દેવીનું થયું હતું જે કારણથી સંસારમાં ભગવાન શિવ અર્ધનારીશ્વર નામથી પ્રસિદ્ધ થયા હતા. માતા સિદ્ધિદાત્રી ચાર ભુજાઓવાળી છે અને સિંહ તેમનું વાહન છે તેમજ કમળપુષ્પ ઉપર બિરાજમાન હોય છે. માતાજીની નીચેની જમણી ભુજામાં ચક્ર અને ઉપરની ભુજામાં ગદા છે. જ્યારે ડાબી ભુજામાં નીચેના હાથમાં શંખ અને ઉપરની ભુજામાં કમલ પુષ્પ છે. મા સિદ્ધિદાત્રીને સરસ્વતીનું સ્વરૂપ પણ ગણાય છે. જે સફેદ વસ્ત્રોમાં મહાજ્ઞાન અને મધુર સ્વરથી ભક્તોને સંમોહિત કરે છે. મધુકૈટભને મારવા માટે માતાજીએ મહામાયા ફેલાવી હતી અને તેનાથી દેવીના આ અલગ અલગ રૂપોએ રાક્ષસોને વધ કર્યો હતો. મા સિદ્ધિદાત્રી ભગવાન વિષ્ણુની અર્ધાંગિની છે અને નવરાત્રીની અધિષ્ઠાત્રી છે. જેથી મા સિદ્ધિદાત્રીને જગતને સંચાલિત કરવાવાળી દેવી તરીકે પણ પૂજાય છે.

મા જગદંબાના નવરાત્રી દરમિયાન નાનવ સ્વરૂપોની ભક્તોએ પૂજા અર્ચન કરી મા ની અસીમ કૃપા પ્રાપ્ત કરવાના પ્રયાસો થકી જીવન મંગલ મયી બની સુખ-શાંતિ અને વૈભવના મૌલિક બનવાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે.

# મોડાસા તાલુકાના ગરીબોને લાભાર્થી કાર્ડ માટે અન્યાય

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ગરીબ લોકોને કેન્દ્ર સરકાર દ્વારા પુરવઠા વિભાગમાંથી આપવામાં આવતા એ.પી.એલ. અને બી.પી.એલ. કાર્ડમાં બી.પી.એલ. કાર્ડ ગરીબ લોકોને ન મળતા અન્યાય થયાની લાગણી સાથે આજે મોડાસા શહેરમાં રેલી કાઢી મામલતદાર કચેરી તેમજ કલેક્ટર કચેરી આગળ સભા યોજાઈ હતી.

મોડાસા તાલુકા તથા તેની આસપાસના ગામડામાં વસતા ગરીબી રેખા નીચે જીવતા લોકો પોતાનું ગુજરાન મજુરી કરીને ચલાવી રહ્યા હોવા છતાં તેમની જોડે ભેદભાવ રાખી સરપંચ અને તલાટીઓની મિલિભગતથી બી.પી.એલ. કાર્ડની લાભાર્થી યાદીમાંથી વંચિત રાખી



(તસવીર : જય અમીન, મોડાસા)

સરકાર દ્વારા મળવાપાત્ર રાશનથી અલિપ્ત રાખી આવા ગરીબ લોકો જોડે અન્યાય થયો હોવા છતાં સરકારી તંત્ર દ્વારા કોઈ જ પગલા ભરવામાં ન આવતાં સામાજીક કાર્યક્રમોની આગેવાની હેઠળ આજે આવા લાભાર્થી યાદીમાં સમાવેશ કરેલ ન હોય તેવા લોકોની સાથે રેલી કાઢવામાં આવી હતી. તેમજ વિવિધ દિશા સૂચક તેમજ સરકારી તંત્ર જાગૃત થાય તેવા બેનરો જોવા મળતા હતા. ગરીબ લોકો આક્રોશ સાથે જણાવતા હતા કે જે લોકોને જમાન છે પૈસા ટકે સુખી હોવા છતાં આવા લોકોના નામ લાભાર્થી યાદીમાં સામેલ છે. જ્યારે અમારા જેવા ગરીબ લોકો મજુરી કરીને ઘર ચલાવતા હોવા છતાં અમોને અન્યાય કરવામાં આવેલ છે.

# કચરાપેટીઓ ઉપાડી લેવાતા ગંદકી યથાવત-નારાજગી

ગાંધીનગર, તા. ૨

મહાનગર પાલિકા દ્વારા છેલ્લા કેટલાક સમયથી ડોર ટુ ડોર કચરો મેળવવાની પ્રથા શરુ કરવામાં આવી છે.જેથી વસાહતીઓને રાહત મળેલ છે. જે પ્રશંસનીય સેવા છે. પરંતુ આવી સેવાઓમાં ઉતાવળ પણ થઈ જતી હોય છે.

શહેરમાં નોટીફાઈડ સમયે મુકવામાં આવેલી મોટી કચરાપેટીઓ ઓટલા ઉપર ગોઠવવામાં આવી હતી. ડોર ટુ ડોર પ્રથા અમલી બનતાં કચરા પેટીઓ ઉઠાવી લીધેલ છે. પરિણામે લોકો કચરા પેટી ગોઠવવાના ઓટલા ઉપર કચરો નાંખી જતા હોય છે. તો આજ જગ્યાઓ ઉપર જુની પદ્ધતિવાળી કચરા પેટીઓ રાખવી જોઈએ પરિણામે જાહેર જગ્યાઓએ સ્વચ્છતા પુરતી જળવાઈ રહેશે.

# શબ્દાવલી - ૫૫૨૧



### આડી ચાવી

૧. બેલેન્સ, બે બાજુ સરખુ(૪)
૪. સાહ્યબી, ઠાઠ (૩)
૬. રેંકડી (૨)
૭. નકામુ (૪)
૮. અડધે રસ્તે, દરિયામાં વચ્ચોવચ (૪)
૧૦. હનીને ગુજરાતીમાં... કહેવાય (૨)
૧૨. કૃષ્ણ ગોપીઓ સાથે... કરતા (૪)
૧૩. એક રૂપિયો પચીસ પૈસા એટલે... રૂપિયો (૨)
૧૪. પતિ પાછળ મરવું તે, ... થવું (૨)
૧૬. સરહદ પર દુશ્મનોની દરેક... પર ધ્યાન રાખવામાં આવે છે(૪)
૧૮. માઇક્રોફોન, નેતાને.. મળે તો (૩)
૨૦. ... મારવી, ગપ્પા મારવા(૨)
૨૧. આનંદ, મોજ (૨)
૨૨. વિશાળ, મોટુ (૪)

### ઊભી ચાવી

૧. સુરક્ષિત (૪)
૨. દર્દી (૩)
૩. ધરતીકપંથી જમીનમાંથી ઘણી જગ્યાએ... નીકળ્યો (૪)
૪. કરૂણા (૨)
૫. મરશીયા, મૃત્યુનો શોક(૩)
૯. મરશીયા, મૃત્યુનો શોક(૩)
૧૧. અર્થક્વેક, જમીનનમાંથી થતી હલચલ (૫)
૧૫. સમગ્ર, બધુ (૩)
૧૭. મોહનથાળ વગેરેમાં ઉપર શૉ માટે લગાવાતા બી (૩)
૧૯. વાગવુ, ... થવી (૨)
૨૦. ધાન્ય, અનાજ (૨)

### શબ્દાવલી ૫૫૨૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) સંજીવની બુટ્ટી (૬) ડચકા (૭) નાન (૮) નીગરાની (૧૨) જજ (૧૩) ચપરાશી (૧૬) નભજ (૧૭) લોરી (૧૮) રાજ (૧૯) કનક (૧૯) કાચ (૨૦) કાવ્ય (૨૧) કનક

**ઊભી ચાવી :-** (૧) સંતોષ (૨) વડલો (૩) નીચ (૪) બુકાની (૫) જનની (૭) નારાજ (૯) ગજબ (૧૦) સંપ (૧૧) રાશી ભવિષ્ય (૧૩) ચકરાવો (૧૪) રાન (૧૫) જરી (૧૭) લોચન (૧૯) કાક

## અભિયાનનો આરંભ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધી સ્વચ્છતાના ખૂબ આગ્રહી હતા. દરેકના જીવનને સ્પર્શતી સ્વચ્છતા એ ખૂબ મહત્વપૂર્ણ બાબત છે. સ્વચ્છતાને કારણે સુંદરતાનું, આરોગ્ય-દ વાતાવરણ સાથે હકારાત્મક ઉર્જાનું પણ નિર્માણ થાય છે. આપણે સ્વચ્છ - સુંદર ભારતના સ્વપ્ને સાકાર કરવા સહિયારી શક્તિથી કાર્યરત બનવાનું છે. એક વખત સ્વચ્છતા એ આદત બનશે તો આપોઆપ તેનું વાતાવરણ સર્જાશે.

આ -સંગે યુવક- સેવા સાંસ્કૃતિક -વૃર્ત્તિ વિભાગના સચિવ અને માહિતી કમિશનર શ્રી ભાગ્યેશ જહા, પોલીસ મહાનિદેશક શ્રી પી. સી. ઠાકુર, ડીઆઈજી શ્રી રાજીવરંજન ભગત, ઈન્ડેક્ષ્ટ- બી ના ખાસ ફરજ પરના અધિકારી શ્રી હિંગરાજીયા, જિલ્લા પંચાયત -મુખ શ્રીમતી હિનાબહેન પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, જિલ્લા કલેકટર શ્રી રવિશંકર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાન, મહાનગરપાલિકાના કમિશનર શ્રી જી. આર. ચૌધરી, જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંઘલ વગેરે અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથેજ ગાંધીનગર મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત ખાતે તાલીમ લઈ રહેલા ખેલાડીઓ વગેરે પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય સચિવ શ્રી વરેશ સિંહાની ઉપસ્થિતિમાં ઉપસ્થિત સર્વેએ સ્વચ્છતાના શપથ લીધા હતા.

મહાત્મા મંદિરની આસપાસ, ખ- રોડ પર મુખ્ય સચિવશ્રી વરેશ સિંહા, શ્રી ભાગ્યેશ જહા તથા અન્ય તમામ અધિકારી- પદાધિકારીઓએ હાથમાં સાવરણી- સાવરણા, પાવડા લઈ સફાઈ કરી હતી.

સેકટર- ૧૧ના કોમર્શિયલ સંકુલોના સમગ્ર વિસ્તારમાં ઉદ્યોગ-ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ડી. જે. પાંડિયન અને શહેરી વિકાસ ગૃહ નિર્માણ વિભાગના સચિવ શ્રીમતી મોના ખંધાર સફાઈ ઝુંબેશમાં જોડાયા હતા. સેકટર- ૧૧ ના સમગ્ર વિસ્તારમાં ફરીને, ત્યાંનાં માલિકો- વેપરીઓને પણ સાથે જોડીને સફાઈ ઝુંબેશનું કામ કરવામાં આવ્યું હતું, જેમાં કોર્પોરેટરશ્રીઓ પણ સહભાગી બન્યા હતા.

ગાંધીનગર સિવિલ હોસપિટલમાં ડીન શ્રી અરૂણ વ્યાસ અને સિવિલ સર્જનશ્રી, તબીબો, વિદ્યાર્થીઓ વગેરે દ્વારા સફાઈ કરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે -મુખ શ્રીમતી હીનાબેન પટેલ, જિલ્લા વિસાસ અધિકારી શ્રી વિકટર મેકવાનના નેતૃત્વમાં સઘન રીતે સફાઈ કાર્ય કરવામાં આવ્યું હતું.

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ગાંધીનગર શહેરના વિવિધ વિસ્તારોમાં સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ હતી. જેમાં ગાંધીનગર શહેરમાં સેકટર- ૬,૭,૮,૧૧,૨૧,૨૨,૨૩,૨૪,૨૬,૨૮,૨૯ અને ૩૦ના શોપીંગ સેન્ટર, સેકટર-૨૧,૭ અને ૨૪ શાકમાર્કેટ, સેકટર-૨ સુવિધા કેન્દ્ર, મીના બજાર- જુના સચિવાલય, સેકટર-૨૦ અક્ષરધામ મંદિરની આસપાસનો વિસ્તાર, ઈન્ફોસીટી આઈ.ટી.ટાવર અને ઘ-૦ નજીક, સેકટર-૧૬ ફુડ કોર્ટ, આઈ.ટી.આઈ, સેકટર-૧૭ ટાઉનહોલ, સેકટર- ૧૭ અને ૨૧ પુસ્તકાલય પાસે, એસ.ટી.ડેપો અને પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં સફાઈ ઝુંબેશ યોજાનાર છે. આ તમામ સ્થળો માટે લાએઝન અધિકારીઓના માર્ગદર્શનમાં સફાઈ કાર્ય કરવામાં આવ્યુ હતું.

તે ઉપરાંત ગાંધીનગર જિલ્લાની કલોલ, દહેગામ અને માણસા નગરપાલિકા વિસ્તારમાં પણ સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ હતી. જિલ્લા કલેકટર શ્રી રવિશંકર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાન, મ્યુનિસિપલ કમિશનર શ્રી ચૌધરી, નિવાસી અધિક કલેકટર શ્રી એમ. ડી. મોડીયા, -ાંત અધિકારી શ્રી સુધીર પટેલ વગેરેએ સ્વચ્છતા ઝુંબેશને સફળ બનાવવા સારી જહેમત ઉઠાવી હતી.

# સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા નિઃશુલ્ક નિદાન કેમ્પ રવિવારે યોજાશે

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા ફ્રી ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. ડોકટરશ્રીના નિદર્શન હેઠળ નેચરોપથી, આયુર્વેદ, ફીઝીયોથેરાપી, આંખ-દાંતની તકલીફનું નિદાન તથા જન્મજાત તકલીફ ધરાવતા બાળકની તપાસ કરવામાં આવશે. તા. ૫મી ઓકટોબરે સવારે નવ વાગે બ્રહ્મસમાજ ભવન હોલ સેકટર-૧૬ ખાતે કેમ્પ યોજેલ છે.

## બંદોબસ્તમાં મુકાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પર ટ્રાફીક પોઈન્ટો પણ મુકવામાં આવ્યા છે. એસઆરપી અને સ્થાનિક પોલીસ ઉપરાંત મહિલા, પોલીસ, ટ્રાફીક પોલીસ અને એલસીબી, એસઓજીની ટીમ પણ બંદોબસ્તમાં રહેશે. ડીવાયએસપી સી.પી. ચુડાસમા બંદબોસ્ત ઈન્ચાર્જ છે. તેમના સુપરવિઝન હેઠળ બંદોબસ્ત વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ બંદોબસ્તમાં ૧૧ પ્રોબેશનલ પીએસઆઈને ગોઠવવામાં આવ્યા છે. તે ઉપરાંત સીસીટીવી કેમેરાથી આ વિસ્તાર સજ્જ કરવામાં આવ્યો છે.

**ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી.**
(રાજ્ય સરકારનું સાહસ)
'બલરામ ભવન' સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૯૦૬ ફેક્સ નં. ૦૭૯-૨૩૨૫૨૩૧૧

**કોપીયર મશીન નિગમની વડી કચેરી, ગાંધીનગર ખાતે મુકી કોપી કાઢી આપવાની કામગીરીના ભાવ આપવા અંગે**

નિગમની વડી કચેરી, ગાંધીનગર ખાતે કોપીયર મશીન મુકી કોપી કાઢી આપવાની કામગીરીના ભાવ માટે પાર્ટીઓ પાસેથી ૧૫ માસ માટે પ્રતિ કોપીના દરથી રેઈટ કોન્ટ્રાક્ટ કરવા ટેન્ડર દ્વારા ભાવો મંગાવવામાં આવે છે. આ બાબતે રસ ધરાવતી પાર્ટીઓએ ઉપરોક્ત કચેરીના સરનામે જાહેર રજા સિવાયના દિવસોમાં ૧૪.૦૦ કલાક સુધીમાં રૂ. ૫૦૦/- ટેન્ડર ફી (નોન રીફંડેબલ) રોકડા ભરીને ટેન્ડર ફોર્મ તા. ૨૮/૧૦/૨૦૧૪ ૧૪.૦૦ કલાક સુધીમાં મેળવી શકાશે. ભરેલ ટેન્ડર ફોર્મ તા. ૨૯/૧૦/૨૦૧૪ સમય ૧૭-૦૦ કલાક સુધીમાં ઉપરોક્ત સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી / સ્પીડ પોસ્ટથી અથવા તો રૂબરૂ આવી કચેરીની રજીસ્ટ્રી શાખામાં આપવાનું રહેશે. ટેન્ડર ફોર્મના કવર ઉપર 'કોપીયર મશીન નિગમની વડી કચેરી, ગાંધીનગર ખાતે મુકી કોપી કાઢી આપવાની કામગીરીના ભાવ' લખવાનું રહેશે. આ ટેન્ડર તા. ૩૦/૧૦/૨૦૧૪ના રોજ ૧૪.૦૦ કલાક પાર્ટીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે.

માહિતી/૧૩૬૧/૧૪-૧૫ વહીવટી સંચાલક

# આજે ગાંધીનગરમાં સે-૨૪ અને સે-૧૪માં રાવણદહન યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં દશેરા નિમિત્તે સેકટર-૨૪માં સાંજે ૫.૩૦ વાગે સ્વામી વિવેકાનંદ પબ્લીક સ્કૂલ ખાતે અને સે-૧૪માં સાંજે ૭ વાગે સોલ્ટ માઉન્ટેન નજીક રાવણ દહનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સે-૨૪માં નશાબંધી અને આબકારી જકાત વિભાગની પ્રેરણાથી 'નશા'ના રાવણનું દહન કરાશે. સે-૧૪માં રામલીલા અને ૧૦૧ દિવાની મહાઆરતી પણ યોજાશે. આ બંને સ્થળે રાવણ દહનના કાર્યક્રમ બાદ ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## મફત નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગર દ્વારા નિઃશુલ્ક મેડીકલ ચેક-અપ કેમ્પ યોજવામાં આવશે. તા. ૫મી ઓક્ટોબર રવિવારે સવારે ૯ થી ૧૨ વાગે બ્રહ્મભવન હોલ, સેક્ટર-૧૬ ખાતે યોજાશે. કેમ્પમાં નેચરોપથી, આયુર્વેદ, ફીઝીયોથેરાપી, હોમીયોપેથી, દાંત અને આંખને લગતી તકલીફોની ચકાસણી કરવામાં આવશે તેમજ ડૉક્ટરની સલાહ મુજબ મફત દવાનું વિતરણ કરવામાં આવશે. આ કેમ્પમાં મોટી સંખ્યામાં નગરજનોને લાભ લેવા પ્રમુખે જણાવ્યું છે.

**જાહેર નિવિદા નં.૧૬ સને ૨૦૧૪-૧૫**
**પાટનગર યોજના પેટા વિભાગ નં.૩,**
**સેક્ટર નં.૧૬, ગાંધીનગર**

આથી સર્વે કપડા ધોલાઈ તથા ઈસ્ત્રી કામમાં રસ ધરાવતા ઈસમો પાસેથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૩, સેક્ટર નં.૧૬, ગાંધીનગરની કચેરીના નિયંત્રણ હેઠળના સેક્ટર-૨૧ ખાતેના સદસ્ય નિવાસ ખાતેના સરકારી કપડાંની ધોલાઈ તથા ઈસ્ત્રી કામ કરવા માટેના ભાવો રજીસ્ટર પો.એ.ડી.થી માંગવામાં આવે છે.

કોરા ભાવપત્રક તથા શરતોનું વિતરણ અત્રેથી તા. ૩૦/૯/૨૦૧૪થી તા. ૧૦/૧૦/૨૦૧૪ સુધી રૂ. ૩૦૦.૦૦ ફી રજૂ કરેથી કચેરી સમય દરમિયાનમાં આપવામાં આવશે. ટપાલ દ્વારા કોરા ભાવપત્રક મંગાવનાર ઈસમે રૂ. ૧૦૦/- વધારાના ટપાલ ખર્ચ પેટે ચુકવવાના રહેશે.

ભાવપત્રક જરૂરી ભાવો અત્રેની કચેરીને તા. ૧૫/૧૦/૨૦૧૪ સુધીમાં રજીસ્ટર પો.એ.ડી.થી પહોંચતા કરવાના રહેશે. અત્રે મળેલ ભાવપત્રકો ઉપસ્થિત રસ ધરાવતા ઈસમોની રૂબરૂમાં તા. ૧૬/૧૦/૨૦૧૪ ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે ખોલવામાં આવશે. મુદત પુરી થયેથી મળેલ ભાવપત્રકો પર કોઈપણ જાતનું ધ્યાન આપવામાં આવશે નહિ.

ભાવપત્રક ભરનાર ભાવપત્રક સાથે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૩, સેક્ટર નં.૧૬, ગાંધીનગરના નામની બાંધી મુદતની રૂ. ૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)ની શીડ્યુલ બેંકની રસીદ બનાની રકમ પેટે અવશ્ય બિડવાની રહેશે.

સદસ્ય નિવાસ ખાતેની કપડા ધોલાઈ ઈસ્ત્રીની કામગીરીના ભાવો કવર ઉપર ધોલાઈના ભાવો સ્પષ્ટ અક્ષરે લખવાનું રહેશે.

સદરહું ભાવો મંજુર થયેથી એક વર્ષ સુધી અમલમાં રહેશે. એક યા બધા જ ભાવપત્રકો કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય નામંજુર કરવાની સત્તા સંબંધિત અધિકારીને આબાધિત રહેશે.

માહિતી/૧૩૬૫/૧૪-૧૫